પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૯ | ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯, મંગળવાર; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કાતિલ ઠંડીમાં ઉત્તર ભારત ઠુંઠવાયું

**દિલ્હી-એનસીઆરમાં ૧૧૯ વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઇ ગઇ : હિસારમાં ૦.૨ ડિગ્રી : જનજીવન સંપૂર્ણ ઠપ્પ : જમ્મુ કાશ્મીર, હિમાચલ સહિતના રાજ્યોમાં હિમવર્ષા જારી : રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશમાં લોકોની હાલત કફોડી : એલર્ટ માટે જાહેરાત**

નવી દિલ્હી,તા. ૩૦

જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તારાખંડમાં ભારે હિમવર્ષા થઇ રહી છે. બીજી બાજુ ઉત્તર ભારતમાં વિક્રમી ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. રાજસ્થાન, હરિયાણા અને પંજાબ તેમજ ઉત્તારપ્રદેશમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તરપ્રદેશમાં ૨૮ લોકોના મોત થયા છે. જયપુર-દિલ્હી હાઈવે પર અકસ્માતો સર્જાયા છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે લોકો





### સૌથી ઠંડા શહેરો

| શહેર | તાપમાન |
|---|---|
| પહેલગામ | -૧૧ |
| ગુલમર્ગ | -૯ |
| સીકર, રાજસ્થાન | - ૦.૫ |
| શ્રીનગર | -૬ |
| હિસાર | -૨ |
| પીલાની, રાજસ્થાન | ૧.૧ |
| અમૃતસર, પંજાબ | ૧.૨ |
| રોહતક, હરિયાણા | ૧.૨ |
| ચુરુ, રાજસ્થાન | ૧.૩ |
| શ્રીગંગાનગર | ૧.૫ |
| નારનોલ, હરિયાણા | ૧.૫ |

ભારે મુશ્કેલીમાં છે. જનજીવન ખોરવાયુ છે. લોકોને હાલ રાહત મળે તેવી શક્યતા દેખાઇ રહી નથી. એલર્ટના કારણે લોકો સાવધાન થઈ ગયા છે. હરિયાણામાં જુદા જુદા વિસ્તારમાં પારો ગગડી ગયો છે. હિસારમાં પારો ૦.૨ ડિગ્રી થયો છે. આવી જ રીતે નારરોલ ખાતે પારો ૦.૫ ડિગ્રી થયો છે. રોહતકમાં પારો ૧.૮ ડિગ્રી થયો છે. હાલમાં ભીષણ ઠંડી જારી રહે તેવી શક્યતા છે જુદા જુદા રાજ્યોમાં સ્થિતી

● અનુસંધાન પાન-૭ પર

## ભારત છોડી બાંગ્લાદેશ ઘૂસતાં ૩૫૦ લોકો ઝડપાયા

**કોઇ નક્કર પુરાવા આપવામાં તેઓ નિષ્ફળ રહ્યા**

ન્યુ દિલ્હી,તા.૩૦

નાગરિકતા સંશોધન બિલના વિવાદ વચ્ચે ભારત છોડી બાંગ્લાદેશ ગેરકાયદે ઘૂણખોરી કરી રહેલા કેટલાક લોકોની બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશએ ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલા તમામ ભારત અને બાંગ્લાદેશની સરહદ પર આવેલા જેનૈદ જિલ્લાના મોહેશપુર વિસ્તારમાં રહેતા હતા.

ભારતમાં નાગરિકતા સંશોધન બિલને લઈને સમગ્ર દેશમાં વિવાદ વકરી રહ્યો છે. ત્યારે ભારત છોડી ભારત અને બાંગ્લાદેશની

● અનુસંધાન પાન-૭ પર

## બિપીન રાવત દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ


**નિવૃતિના એક દિવસ પહેલા જ મોદી કેબિનેટે મારી મંજૂરીની મહોર : મોદી સરકારની ગુડબુકમાં રહેલા જનરલ હવે સેનાની ત્રણેય પાંખના વડા ગણાશે**

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતીય સેનાના ઈતિહાસમાં પહેલીવાર ઉભી કરાયેલી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ)ની જગ્યા માટે વર્તમાન થલ સેના અધ્યક્ષ જનરલ બિપીન રાવતની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ હવે પાયદળ, હવાઈદળ અને નોકાદળ એમ ત્રણેય સેનાની કમાન સંભાળશે. સેનાઅધ્યક્ષ જનરલ રાવત આવતીકાલ ૩૧મી ડિસેમ્બરે વય મર્યાદાને કારણે નિવૃત થાય તે પહેલા આજે કેન્દ્ર સરકા દ્વારા તેમની નવી નિમણૂંકને મંજૂરીની મહોર મારવામાં આવી હતી. તે સાથે તેઓ ૬૫ વર્ષની વય સુધી પદભાર સંભાળી શકે તેવી જોગવાઈ પણ કાયદામાં સુધારો કરીને કરવામાં આવી છે.

મોદી સરકારના ગુડબુકમાં રહેલા જનરલ રાવત તાજેતરમાં જ નાગરિકતા કાયદા સામેના આંદોલન અંગે નેતાગીરીના મામલે ટીપ્પણી કરીને વિરોધ પક્ષોની આલોચનાના શિકાર બનીને વિવાદમાં આવ્યાં હતા. તેમના કાર્યકાળ દરમ્યાન જ પુલવામાની આતંકી હુમલાની ઘટના બની હતી. નવા કાર્યભાર બાદ તેઓ સંરક્ષણ સચિવની મંજૂરી વગર જ સીધા સંરક્ષણ મંત્રીને મળી શકે તેવી સત્તા પણ તેમને આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



## સીએએના સમર્થનમાં મોદીએ અભિયાન આરંભાયું

નવીદિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હાલમાં જ લાગૂ કરવામાં આવેલા નાગરિક સુધારા કાનૂનનો મતલબ નક્કી કરવામાં આવેલા શરણાર્થી લોકોને નાગરિકતા આપવા માટેનો છે. મોદીએ જોરદાર વિરોધ વંટોળ વચ્ચે નવા કાયદાના સમર્થનમાં સોશિયલ મિડિયા ઝુંબેશ શરૂ કરી દીધી છે. મોદી પોતે હવે મેદાનમાં ઉતરી ગયા છે.

નાગરિક સુધારા કાનૂનની સામે દેશભરમાં મચેલા ઘમસાણ વચ્ચે મોદીએ ટ્વિટર ઉપર સીએએને સમર્થન આપવાના સંદર્ભમાં એક અભિયાનની શરૂઆત કરી દીધી છે. સાથે સાથે આ અભિયાનને સમર્થન આપવા લોકોને અપીલ પણ કરી છે. મોદીની આ અપીલની જોરદાર અસર દેખાઈ હતી. મોદીએ આ ઝુંબેશ છેડ્યાના કલાકો બાદ જ ટ્વિટર ઉપર આ ટોપ ટ્રેન્ડ બની જતાં વિરોધ પક્ષોને મોટો ફટકો પડી ગયો છે.

## ઉદ્ધવ ઠાકરે કેબિનેટનું પ્રથમ વખત વિસ્તરણ

**૩૬ ધારાસભ્યોએ મંત્રીપદના શપથ લીધા : વિસ્તરણ બાદ સંખ્યાબળ વધીને ૪૩**



મુંબઈ, તા. ૩૦

મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકાર દ્વારા પ્રથમ વખત મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. એનસીપી, કોંગ્રેસ અને શિવસેના વચ્ચે વાતચીતના લાંબા દોર બાદ આખરે કેબિનેટ વિસ્તરણ કરવામાં આવ્યું છે. કેબિનેટમાં સામેલ થનારમાં મંત્રીઓના નામ ઉપર મંજુરીની મહોર લાગી ગઈ છે જેના ભાગરુપે આજે ૩૬ નેતાઓએ મંત્રીપદના શપથ લીધા હતા. આમાથી સૌથી ચર્ચાસ્પદ ચહેરા તરીકે એનસીપીના નેતા અજીત પવાર, શિવસેનાના નેતા આદિત્ય ઠાકરે અને કોંગ્રેસના નેતા અશોક ચવાણ રહ્યા છે. અજીત પવારે ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે, અશોક ચવાણે કેબિનેટ મંત્રી તરીકે અને આદિત્ય ઠાકરેએ મંત્રીપદના શપથ લીધા હતા.

## કંડલા પોર્ટ ખાતે ટેન્કમાં બ્લાસ્ટ

અમદાવાદ, તા.૩૦

કંડલા પોર્ટ પર આવેલી આઈએમસીના ટેન્ક ૩૦૩ નંબરની મિથેનોલની ટેન્કમાં બપોરે પોણા બે વાગ્યાના અરસામાં અચાનક પ્રચંડ બ્લાસ્ટ સાથે વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગની આ ગંભીર દુર્ઘટનામાં ચાર વ્યકિતના ગંભીર રીતે દાઝી જવાથી કરૂણ મોત નીપજયા હતા. બનાવની જાણ થતાં કંડલા પોર્ટની ફાયર ફાઈટરની પાંચથી વધુ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. કલાકોની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઈ શકાઈ હતી. જો કે, આગની આ દુર્ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક પોલીસે પણ આ કેસમાં વધુ તપાસ હાથ ધરી હતી.

● અનુસંધાન પાન-૭ પર





